# અને બધા માટે ન્યાય

ફેડરલ કાયદો અને U.S. કૃષિવિભાગ (USDA) ના નાગરિક અધિકાર નિયમો અને નીતિઓ અનુસાર, આ સંસ્થાને જાતિ, રંગ, રાષ્ટ્રીય મૂળ, લિંગ (લિંગ ઓળખ અને લૈંગિક અભિગમ સહિત), ઉંમર, વિકલાંગતા અને અગાઉના નાગરિક અધિકારોની પ્રવૃત્તિ માટે પ્રતિશોધ અથવા બદલાના આધારે ભેદભાવ કરવા પર પ્રતિબંધ છે.

કાર્યક્રમની માહિતી અંગ્રેજી સિવાયની અન્ય ભાષાઓમાં ઉપલબ્ધ કરાવી શકાશે. વિકલાંગ વ્યક્તિઓ કે જેમને કાર્યક્રમની માહિતી માટે સંચારના વૈકલ્પિક માધ્યમોની જરૂર હોય (દા.ત., બ્રેઇલ, મોટી પ્રિન્ટ, ઑડિઓટેપ અને અમેરિકન સાઇન લેંગ્વેજ) તેમણે કાર્યક્રમનું સંચાલન કરતી જવાબદાર રાજ્ય અથવા સ્થાનિક સંસ્થાનો સંપર્ક કરવો જોઈએ અથવા USDAના ટાર્ગેટ સેન્ટરનો **(202) 720-2600** પર (વોઇસ અને TTY) પર સંપર્ક કરવો જોઈએ અથવા ફેડરલ રિલે સેવા થકી USDA નો **(800) 877-8339** પર સંપર્ક કરવો જોઈએ.

કાર્યક્રમ ભેદભાવની ફરિયાદ નોંધાવવા માટે, ફરિયાદીએ ફોર્મ AD-3027, USDA કાર્યક્રમ ભેદભાવ ફરિયાદ ફોર્મ ભરવું જોઈએ, જે ઑનલાઇન https://www.fns.usda.gov/sites/default/files/resource-files/ad3027-gujarati.pdf પર કોઈપણ USDA ઑફિસમાંથી, **(866) 632-9992** પર કૉલ કરીને અથવા USDA ને સંબોધિત પત્ર લખીને પણ મેળવી શકાય છે. પત્રમાં ફરિયાદીનું નામ, સરનામું, ટેલિફોન નંબર અને કથિત નાગરિક અધિકારોના ઉલ્લંઘનની પ્રકૃતિ અને તારીખ વિશે પૂરતી વિગતમાં નાગરિક અધિકાર માટે મદદનીશ સચિવ (ASCR) ને જાણ કરવા કથિત ભેદભાવપૂર્ણ કાર્યવાહીનું લેખિત વર્ણન હોવું આવશ્યક છે. પૂર્ણ થયેલ AD-3027 ફોર્મ અથવા પત્ર USDA ને સબમિટ કરવું આવશ્યક છે:

**મેઇલ:**

U.S. Department of Agriculture
Office of the Assistant Secretary for Civil Rights
1400 Independence Avenue, SW
Washington, D.C. 20250-9410; અથવા

**ફેક્સ:**

(833) 256-1665 or (202) 690-7442; અથવા

**ઈમેઈલ:**

program.intake@usda.gov.

આ સંસ્થા સમાન તક પ્રદાતા છે.

જો તમને અંગ્રેજી સમજવામાં મુશ્કેલી પડતી હોય અથવા તમે અક્ષમ હોય, તો વિનંતી કરવામાં આવતાં મફત ભાષા સહાય અથવા અન્ય મદદ અને સેવાઓ ઉપલબ્ધ છે. કૃપા કરીને ફોન કરો: 352-793-2315 ext. 50201